©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]   THURSDAY, SEPTEMBER 10, 2026 / BHADRA 19, 1948   [ No. 37**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૬

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૩/૦૭/૨૦૨૬ના જાહેરનામા ક્રમાંકઃ કેવી ૨૦૨૬નો ૧૪૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૬/૪૧૩૫/આર સેક્શન. - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Municipalities Act, 1963.**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૩/૦૭/૨૦૨૬

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી ૨૦૨૬નો ૧૪૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૬/૪૧૩૫/આર સેક્શનઃ-** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) હેઠળ કાર્યો અને ફરજો બજાવવાના હેતુ માટે, નગરપાલિકાના અધિકારીઓની સેવા એકરૂપ કરવા અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે તેમ કરવું જરૂરી અને ઈષ્ટ છે;

તેથી હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૭ક-ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, -

(૧) ''ગુજરાત રાજ્ય નગરપાલિકા વેરા અધિકારીની સેવા''ની રચના કરે છે;

(૨) આદેશ કરે છે કે સદરહુ સેવા, અહીં જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વર્ગો, કેડર્સ (સંવર્ગો) અને જગાઓની બનશે;

(૩) ઉપર્યુક્ત અનુસૂચિની કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલા દરેક વર્ગ અને કેડર (સંવર્ગ) માંના અધિકારીઓની કુલ સંખ્યા નિર્દિષ્ટ કરે છે.

**અનુસૂચિ**

| **અનુક્રમાંક** | **જગાનો હોદ્દો** | **પગાર ધોરણ (રૂ.માં)** | **વર્ગ** | **જગાની કુલ સંખ્યા** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | નગરપાલિકા વેરા અધીક્ષક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ (લેવલ-૬) | ૩ | ૬૦ |
| ૨ | નગરપાલિકા વેરા નિરીક્ષક | ૨૫૫૦૦-૮૧૧૦૦ (લેવલ-૪) | ૩ | ૨૦૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**નિલેશ મોદી,**

સરકારના નાયબ સચિવ.

-----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.09.10 18:17:43 IST